k,

GJBK040052082021

| દાખલ તારીખઃ | ૦૪/૧૦/૨૦૨૧ | | |
|---|---|---|---|
| નોંધ્યા તારીખઃ | ૦૪/૧૦/૨૦૨૧ | | |
| ફેંસલ તારીખઃ | ૨૩/૦૩/૨૦૨૬ | | |
| સમય ગાળો | વર્ષ | માસ | દિવસ |
| | ૦૪ | ૦૫ | ૧૯ |

સત્યમેવ જયતે

મે. ડીસાના એડી. ચીફ જયુડીશીયલ મેજીસ્ટ્રેટ શ્રી.( કુ.યુ.એમ. આહીર) સાહેબની કોર્ટમાં,મુકામ–ડીસા.

ફોજદારી કેસ નં.૪૪૨૬/૨૦૨૧

આંકઃ–૪૧

ફરીયાદીઃ– શાહ નેમીચંદ અમીચંદજી પેઢીના પ્રોપરાઈટર–માલીક શાહ મંગળચંદ નેમીચંદ
ઉ.વ.આ.૬૧, ધંધો – વેપાર
ઠે. પ્લોટ નં.૪૫, એસ.એસ. માર્કેટ યાર્ડ, ડીસા
તા. ડીસા, જિ. બનાસકાંઠા

વિરૂધ્ધ

આરોપીઃ– ભરતભાઈ નાજી જાટ
ઉ.વ.આ.૪૧, ધંધો–ખેતી
રહે. શેરપુર, તા. ડીસા, જી.બનાસકાંઠા

ગુનોઃ– ધી નેગોશીયેબલ ઈન્સ્ટ્રુમેન્ટ એક્ટની કલમ– ૧૩૮ મુજબ

---

**ફરીયાદી તરફે વિ.વ.શ્રી. એ.એમ.કોઠારી**
**આરોપી તરફે વિ.વ.શ્રી.એમ.ટી મુસ્લા**

---

**-: ઠ રા વ :-**

**ફરીયાદપક્ષના કેસની ટુંકમાં હકીકત એવી છે કે,**

(૧) આ કામે ફરિયાદી ધ્વારા હાલની ફરિયાદી આરોપી સામે ધી નેગોશીયેબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટ ૧૮૮૧ ની કલમ-૧૩૮ ના ગુના અંગે દાખલ કરી ફરિયાદમાં મુખ્યત્વે જણાવેલ છે કે, આ કામના ફરીયાદી શાહ નેમીચંદ અમીચંદજી નમની પેઢી એસ.એસ. માર્કેટ ગાર્ડમાં પ્લોટ નં. ૪૫ માં આવેલી છે અને અનાજ, તેલબીયાં વિગેરે ખરીદવા તેમજ વેચવાનો કમીશન એજન્ટ તરીકે વેપાર કરે છે અને સદરહું પેઢીના માલીક ફરીયાદી હોઈ સદરહું પેઢીનો વહીવટ કરે છે. આ કામના આરોપી ફરીયાદીની પેઢીએ માલ લઈને આવતા હોઈ તેમજ સદરહું પેઢીનો વહીવટ ફરીયાદી કરતા હોઈ અનેઆરોપી ફરીયાદી સાથે સારા સબંધો ધરાવતા હોઈ તા. ૨૫/૭/૨૦ ના રોજ રુા.૨,૦૦,૦૦૦/- ની માગણી કરતાં આરોપીને રુા.૨,૦૦,૦૦/- પ્રોમીસરી નોટ કરી આપેલ હતા અને સદરહું રકમની આરોપી પાસે વારંવાર માગણી કરતાં આરોપીએ ફરીયાદીને દેના બેંક બાડમેર શાખાનો ચેક નં. ૦૩૯૦૯૫, તા. ૧૭/૮/૨૧ ના રોજનો રુા. ૨,૦૦,૦૦૦/- નો આરોપીએ તેની સહી કરી ફરીયાદીના નામનો આપેલ અને તે વખતે આરોપીએ એવો વિશ્વાસ અને ભરોસો આપેલ કે સદર ચેક બેંકમાં ગમે ત્યારે ભરસો તો ચેકની રકમ મળી જશે. જેથી

ફરીયાદીએ આરોપી ઉપર વિશ્વાસ રાખી સદર ચેક સ્વીકારેલો અને આરોપીએ આપેલ સદર ધી બનાવસકાંઠા જીલ્લા મધ્યસ્થ સહકારી બેંક લી.ડીસા શાામાં તા. ૧૭/૮/૨૧ ના રોજ જમા કરાવતાં સદર ચેક આરોપીના ખાતામાં કલીયરીંગ અર્થે જતાં આરોપીના ખાતામાં પુરતા નાણાં ન હોઈ સદર ચેક તા.૧૮/૮/૨૧ ના રોજ "AC NO NOT CLEA " ના શેરા સાથે પરત આવેલ. જે અંગેની જાણ બેંકે ફરીયાદીને કરેલ. આથી ફરીયાદીએ આરોપીને સમય મર્યાદામાં કાનૂની નોટીસ રજી.પો.એ.ડી.થી. તા.૨૧/૮/૨૦૨૧ ના રોજ મોકલાવેલ. જે નોટીસ આરોપીને તા.૨૩/૮/૨૦૨૧ ના રોજ બજી ગયેલ હોવા છતાં ફરીયાદીની સદરહું ચેકની રકમ આરોપીએ નોટીસ મળ્યા બાદ દિન–૧૫ માં ચુકવી આપેલ નથી. આમ આરોપીએ આજદિન સુધી અમારી લેણી રકમ અમોને વસુલ આપેલ નથી. આ કામના આરોપીએ ધી નેગોશીએલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટની જોગવાઈ વિ. મુજબનો ગુનો કરેલ છે. જેથી આરોપી સામે કાયદેસરની કાર્યવાહી કરવા ફરીયાદ છે.

સબબ અરજ કરવાની કે આરોપીએ ધી નેગોશીયેબલ ઈન્સ્ટ્રુ મેન્ટ એકટની કલમ–૧૩૮ મુજબનો ગુનો કરેલ હોઈ તેની સામે તાત્કાલીક કાર્યવાહી કરી સાબિત થતા ગુના માટે પ્રવર્તમાન જોગવાઈ અનુસાર સજા કરવા વિનંતી છે. તેમજ ચેકની રકમ જેટલી રકમ વળતર તરીકે આરોપી પાસેથી અપાવવા વિનંતી છે.

**<u>ફોજદારી કાર્યરીતિ અધિનિયમ ૧૯૭૩ ની કલમ–૨૦૦, કલમ–૨૦૪,કલમ–૨૦૭ તથા કલમ–૨૫૧ મુજબની કાર્યવાહી:–</u>**

(૨) આરોપી વિરૂધ્ધ ક્રિમી.પ્રોસી.કોડની કલમ–૨૦૪ મુજબ પ્રોસેસ કાઢતા આરોપી કોર્ટમાં હાજર થતાં, તેઓને ફરીયાદ તથા દસ્તાવેજોની નકલો પુરી પાડવામાં આવ્યા અંગેની ખાત્રી કરવામાં આવેલ છે. આરોપીને ફરીયાદની હકીકત વાંચી–સંભળાવતા આરોપીએ ગુનાનો ઈન્કાર કરતા **આંક–૨૫** થી તેઓનું નિવેદન લેવામાં આવેલ છે અને ત્યારબાદ નિવેદન લેતા ગુનાનો ઈન્કાર કરેલ હોય જેથી ફરીયાદપક્ષનો કેસ આગળ ચલાવવામાં આવેલ છે.

**ફરિયાદપક્ષ તરફે મૌખીક તથા દસ્તાવેજી પુરાવાઓ**:–

(૩) ફરીયાદપક્ષે આ કામે નીચે મુજબ મૌખિક તથા દસ્તાવેજી પુરાવો રજુ કરવામાં આવેલ છે.

(અ). –: **મૌખિક પુરાવા** :–

| ક્રમ. | વિગત | આંક |
|---|---|---|
| ૧ | ફરીયાદી શાહ મંગળચંદ નેમીચંદનું સરતપાસનું સોગંદનામું (જુબાની) | ૦૪ |

(બ). –: **દસ્તાવેજી પુરાવા** :–

| ક્રમ. | વિગત | આંક |
|---|---|---|
| ૧. | અસલ ચેક નં. ૦૩૯૦૯૫ | ૨૮ |
| ૨. | ચેક રીટર્ન મેમો. | ૨૯ |
| ૩. | આરોપીને આપેલ નોટીસ | ૩૦ |
| ૪. | આરોપીને નોટીસ મોકલેલ તેની રજી.એ.ડીની પાવતી | ૩૧ |
| ૫. | પોસ્ટ વિભાગનો ટ્રેકીંગ લેટર | ૩૨ |
| ૬. | પ્રોમીસરી નોટ | ૩૩ |

| | | |
|---|---|---|
| ૭. | રોજમેળ ખાતાનો ઉતારો | ૩૪ |
| ૮. | ખાતાનો ઉતારો | ૩૫ |
| ૯. | ફરીયાદી પેઢીનું લાયસન્સ | ૩૬ |

આ કામના ફરીયાદી તરફે વધુ પુરાવો રજુ કરવા માંગતા ના હોઈ **આંક-૩૮ થી** કલોઝીંગ પુરસીસ રજુ કરેલ છે.

(૪) સદર કામે આરોપી કાયદાકીય કાર્યવાહીમાં સહકાર આપતા ન હોઈ અને ઘણી તકો આપવા છતાં આરોપીએ કોઈપણ જાતનો પુરાવો રજુ કરેલ ન હોય ફરીયાદીની **આંક-૩૯ ની** અરજી લગત આરોપીના પુરાવો રજુ કરવાનો હકક બંધ કરવાનો હુકમ કરવામાં આવેલ છે.

(૫) આ કામે બી.એન.એસ.એસ.ની કલમ-૩૫૧ મુજબ આરોપીનું વિશેષ નિવેદન નોંધવામાં આવેલ છે, તેમાં ફરીયાદપક્ષના કેસની હકીકતોનો ઈન્કાર કરી વિશેષમાં જણાવેલ છે કે, '' અમો આરોપી તદ્દન નિર્દોષ છીએ,અમોએ આવો કોઈ ચેક આપેલ નથી, ખોટી રીતે ચેક મેળવી ખોટી ફરીયાદ કરેલ છે.''

<u>ફરિયાદપક્ષ તથા આરોપીપક્ષ તરફેની ફોજદારી કાર્યરીતિ અધિનિયમ ૧૯૭૩ ની કલમ-૩૧૪ મુજબની દલીલો</u>:-

(૬) આ કામે ફરીયાદપક્ષે વિ.વ.શ્રી.એ.એમ.કોઠારીએ એવી દલીલ કરેલ છે કે ફરીયાદપક્ષે રજુ થયેલ દસ્તાવેજોથી સ્પષ્ટ રીતે પુરવાર થાય છે કે આરોપીએ ધી નેગોશિયેબલ ઈન્સ્ટ્રુમેન્ટ એક્ટ ની કલમ-૧૩૮ અન્વયેનો ગુનો કરેલ છે. આરોપીપક્ષે પોતાનો કોઈ પુરાવો પણ રજુ કરેલ નથી. જેથી આરોપી પોતાનો બચાવ પ્રિપોન્ડરન્સ ઓફ પ્રોબેબીલીટીના ધોરણે પણ પુરવાર કરવામાં સફળ થયેલા

નથી. જેથી આરોપીને તકસીરવાન ઠરાવી કાયદા મુજબની પુરતી સજા કરવા દલીલ કરેલ છે.

(૬.૧) જયારે દલીલના તબક્કે આરોપી કે આરોપીના વિ.વ.શ્રી હાજર ન હોય ફરીયાદીની **આંક–૪૦ ની** અરજીલગત આરોપીની દલીલનો હક્ક બંધ કરવામાં આવેલ છે.

**(૭)** પક્ષકારોના બચાવ નિવેદન અન્વયે સદર કેસના નિકાલ માટે મારી સમક્ષ નીચે મુજબના મુદ્દાઓ ઉપસ્થિત થાય છેઃ–

–//(**<u>મુ દ્દા ઓ</u>**)//–

૧) શું ફરીયાદપક્ષ નિઃશંકપણે પુરવાર કરે છે કે, આરોપીએ ધી નેગોશીયેબલ ઈન્સ્ટ્રુમેન્ટ એક્ટ, ૧૮૮૧ ની કલમ–૧૩૮ મુજબનો ગુનો કરેલ છે?

૨) શુ હુકમ?

ઉપરોક્ત મુદ્દાઓના મારા નિર્ણયો નીચે મુજબ છેઃ–

–//(**<u>નિ ર્ણ યો</u>**)//–

૧. હકારમાં,

૨. આખરી હુકમ મુજબ.

**(૮)** ઉપરોક્ત નિર્ણયો માટેના મારા કારણો નીચે મુજબ છેઃ–

–// : **<u>કા ર ણો</u>** ://–

**<u>મુદ્દા નંબર–૧:–</u>**

**(૯)** આ કામે ફરીયાદપક્ષ તરફથી કરવામાં આવેલ મૌખિક દલીલો તથા ફરીયાદપક્ષે રજુ કરેલ પુરાવાની ચર્ચા કરતાં પહેલાં ધી નેગોશીયેબલ

ઈન્સ્ટ્રુમેન્ટ એક્ટની કલમ–૧૩૮ ની જોગવાઈઓ ધ્યાને લેવી આવશ્યક છે.

**<u>ધી નેગોશીયેબલ ઈન્સ્ટ્રુમેન્ટ એક્ટની કલમઃ૧૩૮ ના આવશ્યક તત્વો નીચે મુજબ છે.</u>**

(૧) આરોપીએ તેમના દ્વારા લખવામાં આવેલ ખાતામાંથી ફરીયાદીને નાણાં ચુકવવા ચેક આપેલ.

(૨) આરોપીએ ફરીયાદીને આપેલ ચેક સમગ્ર અથવા અંશતઃ દેવા માટેની જવાબદારી અદા કરવા માટે આપેલ હતો.

(૩) ચેક જે તારીખે લખ્યો તે તારીખથી ૬ માસની અંદર સમય મર્યાદામાં અથવા વેલીડીટી પીરીયડ બંન્નેમાંથી જે વહેલા ચેક તે સમય મર્યાદામાં રજુ કરવામાં આવેલ હતો.

(૪) તે ચેક આરોપીના ખાતામાં અપુરતા ભંડોળના કારણે પરત આવેલ છે.

(૫) ચેક પરત થયાની માહિતી મળ્યા બાદ ફરીયાદીએ નાણાંની માંગણી લેખિતમાં કરેલ હતી.

(૬) તેઓને નોટીસ મળી ગયેલ હોવા છતાં ચેકના નાણાં સમય મર્યાદામાં ચુકવી આપેલ નથી.

નેગોશીયેબલ ઈન્સ્ટ્રુમેન્ટના કાયદા મુજબ અદાલતે બે અનુમાન કરવાના રહેશે, જેમાં પ્રથમ અનુમાન કલમ–૧૩૯ અન્વયે કરવાનું રહેશે.

હવે સૌ પ્રથમ નેગોશીયેબલ ઈન્સ્ટ્રુમેન્ટ એક્ટની કલમ–૧૧૮ ધ્યાને લઈએ તો–

**કલમ–૧૧૮** – વટાઉખત વિશે માની લેવાની બાબત...

એથી વિરૂધ્ધનું સાબીત ન થાય ત્યાં સુધી નીચે પ્રમાણએ માની લેવામાં આવશે.

**(ક)** દરેક વટાઉખત અવેજને માટે કરી આપ્યુ અથવા લખી આપ્યું હતું ને આવું દરેક ખત જ્યારે તે સ્વીકારવામાં આવ્યુ હોય તેના ઉપર શેરો કરી આપવામાં આવ્યો હોય તે વટાવવામાં આવ્યુ હોય અથવા તબદીલ કરવામાં આવ્યુ હોય તે અવેજને માટે સ્વીકાર્યું હતુ તેના ઉપર શેરો કરી આપ્યો હોય તે વટાવ્યું હતું અથવા તબદીલ કર્યુ હતું.

**(ખ) તારીખ વિશેઃ–**

જેના ઉપર તારીખ હોય તેવું દરેક વટાઉખત તે તારીખે કરી આપ્યુ અથવા લખી આપ્યું હતું.

**(ગ) સ્વીકારવાના સમય વિશેઃ–**

સ્વીકારાયેલું દરેક વિનીમયપત્ર તેની તારીખ પછી અને તે પાક્યાની તારીખ પહેલાં વ્યાજબી સમયમાં સ્વીકારવામાં આવ્યુ હતું.

**(ઘ) તબદીલીના સમય વિશેઃ–**

કોઈ વટાવખતની દરેક તબદીલ તે ખત પાકવાની તારીખ પહેલાં થઈ હતી.

**(ચ) શેરાઓના ક્રમ વિશેઃ–**

કોઈ વટાવખત ઉપર કરેલ હોવાનું જણાતા શેરા તે ખત ઉપર જે ક્રમમાં કરેલા જણાતા હોય તે ક્રમમાં કરેલા હતાં.

**(છ) સ્ટેમ્પ વિશેઃ–**

ખોવાઈ ગયેલી પ્રોમીસરી નોટ, વિનીમયપત્ર અથવા ચેક ઉપર રીતસર સ્ટેમ્પ લગાડેલો હતો.

**(૪) <u>ધારક યથાક્રમ ધારક છે એમ માની લેવા વિશેઃ–</u>**

કોઈ વટાવખત ધારક યથાક્રમ ધારક છે પરંતુ જ્યારે તે ખત તેના કાયદેસરનાં માલિક પાસેથી અથવા તેનો કાયદેસરનો હવાલો ધરાવતી વ્યક્તિ પાસેથી કોઈ ગુનો કરીને અથવા કપટથી મેળવવામાં આવ્યુ હોય અથવા તે ખત કરી આપનાર અથવા સ્વીકારનાર પાસેથી કોઈ ગુનો કરીને અથવા કપટથી અથવા ગેરકાયદેસર અવેજને બદલે મેળવવામાં આવ્યું હોય ત્યારે તે ખતનો ધારક છે એમ સાબીત કરવાનો બોજો તેના ઉપર છે.

**<u>કલમઃ ૧૩૯– ચેકના ધારણકર્તાની તરફેણમાં અનુમાનઃ</u>**

વિરૂધ્ધની હકીકત સાબીત ન થાય ત્યાં સુધી એવું માનવામાં આવશે કે તે ચેક ધારણ કરનારે તે ચેક કલમ–૧૩૮ માં દર્શાવ્યા મુજબ કોઈ ભાગમાંથી બોજમુક્ત થવાના બદલામાં તે ચેક મેળવ્યો હશે. પાછો ફરેલ ચેક વર્તમાન લેણાનો કે જવાબદારી પુરી કરવા માટેનો હતો તેવું અનુમાન કરીને દેવા પરત્વેનો ન હતો તે ચેક આપનાર ઉપર છે.

ફરીયાદપક્ષ તરફે રજુ થયેલ પુરાવાઓ તથા દલીલોની ચર્ચા કરીએ તે પહેલાં પુરાવના બોજા અંગેની ચર્ચા કરવી જરૂરી જણાય છે. સીમાચિન્હ નામ.સુપ્રિમ કોર્ટના સંખ્યાબંધ ચુકાદાથી એ સિધ્ધાંત પ્રસ્થાપિત થયેલ છે કે જ્યારે આરોપીએ ચેક ફરીયાદીની તરફેણમાં આપેલ હોવાનું પુરવાર થતુ હોય તેવા સંજોગોમાં ચેક કાયદેસરના લેણાં પેટે કે જવાબદારી પેટે આપેલ હોવાનું અદાલતે અનુમાન

કરવાનું રહે છે. ધી નેગોશીયેબલ ઈન્સ્ટ્રુમેન્ટ એક્ટની કલમ–૧૩૯ અન્વયે ધારકની તરફેણમાં અનુમાન કરવામાં આવે છે. અલબત્ત આ અનુમાન ખંડનાત્મક હોય છે અને આરોપીએ તે ચેક કાયદેસરનાં દેવા અને જવાબદારી પેટે આપેલ ન હોવાનો બચાવ લઈ શકશે. વિવિધ ઘણા બધા ચુકાદાઓ દ્વારા પ્રસ્થાપિત થયેલ છે કે, આરોપીએ પોતાનો બચાવ પ્રિપોન્ડરન્સ ઓફ પ્રોબેબીલીટીના સિદ્ધાંતના આધારે પુરવાર કરવાનો હોય છે. વધુમાં આરોપીએ પોતાનો બચાવ રજુ કરવા માટે વીટનેસ બોક્સમાં પણ આવવુ જરૂરી નથી. એટલે કે આરોપીએ પોતાનો બચાવ નિઃશંકપણે પુરવાર કરવાનો હોતો નથી, પરંતુ ચેકના ધારકની તરફેણમાં કરવામાં આવતાં કલમ–૧૩૯ ના અનુમાનમાં માત્ર શંકા ઉપસ્થિત કરવાની હોય છે અને આરોપી જો આવી શંકા ઉપસ્થિત કરવામાં સફળ થાય તો જ ત્યારબાદ તે અંગેનો બોજો ફરીયાદીના શીરે શીફ્ટ થાય છે અને ત્યારબાદ ફરીયાદપક્ષે પોતાનો કેસ નિઃશંકપણે પુરવાર કરવાનો હોય છે. આમ, ઉપરોક્ત પુરાવાના સિદ્ધાંતને ધ્યાને રાખીને ફરીયાદપક્ષ તરફથી રજુ થયેલ પુરાવો અને આરોપી પક્ષ તરફથી રજુ થયેલ પુરાવો અને આરોપી દ્વારા લેવામાં આવેલ બચાવનું મુલ્યાંકન અત્રેની અદાલતે કરવાનું રહે છે. ફરીયાદપક્ષે રજુ રાખેલ મૌખિક તેમજ દસ્તાવેજી પુરાવા તેમજ રજુ કરેલ બચાવ આ તમામ દસ્તાવેજી તથા મૌખિક પુરાવાઓને સોનાના ત્રાજવામાં (ગોલ્ડન સ્કેલ) ઉપર મુલવણી કરવી જરૂરી છે. તેમજ ન્યાયશાસ્ત્રના સ્થાપિત સિદ્ધાંત મુજબ પુરાવાના મુલ્યાંકનને વ્યાખ્યાતીત કરવામાં આવેલ નથી. પુરાવાનું મુલ્યાંકન કેવી રીતે

કરવું અને આરોપી સંભવિત બચાવ રેકર્ડ પર લાવી શકેલ છે કે કેમ? તે દરેક કેસની હકીકતો અને સંજોગો ઉપર આધારીત હોય છે. પુરાવાના મુલ્યાંકનનો આધાર પુરાવાના કાયદાની કલમ–૩ માં કરવામાં આવેલી "સાબીત" અને "ના સાબીત" ની વ્યાખ્યા ઉપર આધારીત છે. સાબીત થયેલી હકીકતો કોને કહેવાય અને તે જોવામાં આવે તો અદાલત સમક્ષ જે બાબતો ઉપરથી એક સામાન્ય સમજદારી ધરાવતી વ્યક્તિ કે જે તે સંજોગોમાં જે હકીકતનું અસ્તીત્વ હોવાનું માને તો તેવી હકીકત સાબીત થયેલી ગણાય અને અદાલત એક હકીકતનું અસ્તીત્વ માને અથવા એટલી હદે અસ્તીત્વ સંભવિત માને કે એક સમજદાર વ્યક્તિ જે તે સંજોગોમાં તેવું અસ્તીત્વ છે તેવી ધારણાથી વર્તે અલબત્ત ગણીત જેવી ચોક્કસતા અને ચુસ્તતાનો આગ્રહ અનઉપેક્ષીત છે.

(૧૦) હાલના કામે ફરીયાદપક્ષ કાયદેસરનું લેણું સાબીત કરી શકેલ છે કે નહી તેની ચર્ચા કરતા અગાઉ આ કામે નામ.સુપ્રિમ કોર્ટ તથા અન્ય વડી અદાલતોના ચુકાદામાં પ્રસ્થાપીત કરેલ સિધ્ધાંત ધ્યાને લેવા આવશ્યક છે.

In the matter between M/s Prajapati Oil Industries through owner Rameshbhai V/S State of Gujarat reported in 2004(1) GLH Pg.365, Hon'ble Gujarat High Court has held that, as soon as a cheque is issued in favour of a party the presumption is

that, it is issued against consideration. The burden to rebut this presumption is on the person who issues the cheque. In absence of such rebuttal it can not be said that cheques were without consideration. Also, Hon'ble Gujarat High Court in para-25 of its judgment held that, on a bare reading of Section-138 of the act it is clear that as soon as cheque is produced of record, a presumption will arise about the consideration that the negotiable instrument concerned was made or drawn for consideration.

In the matter between **Mangubhai Mansukhram Pandya V/S Pranjivan Trubhovandas Purohit, reported in** 1991 (2) **GLH Pg**.65 **Hon'ble Gujarat High Court has held that,** section-118 of the N.I.Act raises a statutory presumption that,

- There was consideration for every negotiable instrument. This presumption continues until it is rebuttal.
- Onus of proof that there was no consideration is on the defendant.

- Intial burden lies on the plaintiff to prove execution of the pronote. But once the burden discharged court has to raise the statutory presumption.

નામદાર સુપ્રીમ કોર્ટે Bharat Barrel And Drum Manufacture Company LTD V/s Amin Chand Payrelal, 1999 (3) SCC 35 ના ચુકાદામાં પ્રસ્થાપીત કરેલ છે કે, The Bare denial of the passing of the consideration apparently does not appear to be any defence. Something which is probable has to be brought on record for getting benefit the onus of proving to the plaintiff. To disprove the presumption, the defendant has to bring of record such facts and circumstances upon consideration of which the court may believe that the consideration does not exist or its non-existence was so probable that a prudent man would, under the circumstances of the case, act upon the plea it did not exist. આ ઉપરાંત નામદાર સુપ્રીમ કોર્ટે K.N.Beena V/S Muniyappan, 2001(0) AIR (SC) 2895 તથા Hiten P. Dalal V/S Bratindranath Banerjee, 2001(6) SCC-16 ના ચુકાદાઓમાં પ્રસ્થાપીત કરેલ છે કે,

Burden of proving that cheque had not been issued for any debt or liability is on the accused. Denial avernments in reply by accused are not sufficient to shift burden of proof on to the complainant. Accused has to prove in trial by leading cogent evidence that there was no debt or liability. Further held that, setting a side of conviction on basis of some formal evidence led by accused is not proper.

આ ઉપરાંત નામદાર સુપ્રીમ કોર્ટના Krishna Janardhan Bhatt V/S Dattatraya G. Hegde (2008(0) Cr.L.J 1172), K. Prakashan V/S P.K. Surenderan (2008(1) SCC(Crimes)200) તથા Rangappa V/S Sri Mohan (AIR 2010 Sc 1898) ના ચુકાદાઓમાં નામદાર સુપ્રીમ કોર્ટે પ્રસ્થાપીત કરેલ છે કે, આરોપી પ્રી પોન્ડરન્સ ઓફ પ્રોબેબીલીટી જેટલો પુરાવો આપે તો પણ અનુમાનોનું ખંડન થયેલુ ગણી શકાય અને **ધી નેગોશીયેબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટની કલમ–૧૩૯** ના અનુમાનનું ખંડન કરવા માટે આરોપીએ, સાક્ષીના પાંજરામાં આવવું જરૂરી નથી.

**(૧૧)** હાલના કામે ફરીયાદપક્ષ તરફે રજુ થયેલ તમામ મૌખિક–દસ્તાવેજી પુરાવાની વિગતે ચર્ચા કરીએ તો તે નીચે મુજબ છે.

ફરીયાદપક્ષે પોતાનો કેસ પુરવાર કરવા માટે આંક−૪ થી ફરીયાદીએ સરતપાસનું સોગંદનામું ધી નેગોશીયેબલ ઈન્સ્ટ્રુમેન્ટ એક્ટની કલમ−૧૪૫ હેઠળ રજુ કરેલ છે અને તેમાં ફરીયાદ આંક−૧ માં જણાવ્યા મુજબની વિગતો જણાવેલ છે. જેથી બીનજરૂરી તેનું પુનરાવર્તન કરવામાં આવતુ નથી. વધુમાં આરોપી તરફે કોઈ હાજર ન હોય કે રીપોર્ટ રજુઆત ન હોય આરોપીનો ઉલટ તપાસ કરવાનો હકક બંધ કરવાનો હુકમ **આંક−૩૭ ની** અરજી લગત કરવામાં આવેલ છે.આમ ફરીયાદીની જુબાની બીનપડકારયેલ રહેલ છે. વધુમાં, ફરીયાદીએ તેની ફરીયાદ તથા સોગંદનામાનાં સમર્થનમાં દસ્તાવેજી પુરાવા રજુ કરેલ છે જેનું મુલ્યાંકન કરવામાં આવે તો, **આંક−૨૮ થી** ફરીયાદીને આરોપીએ આપેલ અસલ ચેક તથા **આંક−૨૯ થી** અસલ રીટર્ન મેમો તથા **આંક−૩૦ થી** આરોપીને આપેલ નોટીસ તથા **આંક−૩૧ થી** નોટીસ આર.પી.એ.ડી કર્યાની સ્લીપ તથા **આંક−૩૨ થી** પોસ્ટ વિભાગનો ટ્રેકીંગ રીપોર્ટ તથા **આંક−૩૩ થી** પ્રોમીસરી નોટ તથા **આંક−૩૪ થી** રોજમેળ ખાતાનો ઉતારો તથા **આંક−૩૫ થી** ખાતાનો ઉતારો તથા **આંક−૩૬ થી** ફરીયાદી પેઢીનું લાયસન્સ રજુ કરેલ છે. જે ધ્યાને લીધેલ છે.

(૧૨) આ કામે ફરીયાદપક્ષે રજુ થયેલ પુરાવો ધ્યાને લેતાં, આરોપી પક્ષે કલમ−૧૩૯ ની કાયદાના અનુમાનનું ખંડન કરતો પુરાવો રેકર્ડ ઉપર લાવી શકેલ છે કે કેમ? તે સંદર્ભે સૌપ્રથમ જોવામાં આવે તો, **આંક−૨૮** વાળા ચેકમાં આરોપીની સહી હોવા બાબતે કોઈ તકરાર લીધેલ

નથી તે સંજોગોમાં નામદાર સુપ્રીમ કોર્ટના **AIR 2010 S.C. 1989, (Rangappa V/s. Sri Mohan) Criminal Appeal No. 1020 of 2010** ના ચુકાદા મુજબ ચેકના યથાનુંક્રમના ધારક-હોલ્ડર ઈન ડ્યુ કોર્ષની તરફેણમાં અદાલતે અનુમાન કરવાનું હોય છે. જેથી પ્રાથમીક તબક્કે ફરીયાદવાળો ચેક આરોપીએ ફરીયાદીના કાયદેસરના લેણાની જવાબદારી સ્વીકારી ઈશ્યુ કરેલ હોવાનું અનુમાન કરેલ છે અને તે વિગતે પુરાવાનું અર્થઘટન કરેલ છે કે શું આરોપી પુરવાર કરે છે કે, ફરીયાદીનું આરોપી પાસે કાયદેસરનું લેણું ન હોવા છતાં આરોપીનાં ચેકનો દુરપયોગ કરી હાલની ખોટી ફરીયાદ આરોપી સામે દાખલ કરેલ છે.

(૧૩) **કાયદેસરનું લેણું:-**

ફરીયાદપક્ષ તરફે ઉપરોક્ત રજુ થયેલ ફરીયાદીનું સોગંદનામું તેમજ દસ્તાવેજી પુરાવા ચેક, ચેક રીટર્ન મેમો, નોટીસની સ્થળપ્રત, નોટીસ બજી ગયા બાદ આરોપી ખુદ કોર્ટમાં હાજર રહેલ છે અને તેઓની પ્લી લેવામાં આવેલ છે. ત્યારબાદ સદરહું કામે ફરીયાદીના ઉપરોક્ત મૌખિક તથા દસ્તાવેજી પુરાવા રજુ થયેલ છે જે તમામ હકીકતો આરોપીના ધ્યાન ઉપર છે તેમ છતાં આરોપીએ કોઈ બચાવ લીધેલ નથી. તેમજ વાદગ્રસ્ત ચેક વાળુ ખાતુ પણ આરોપી પોતે નીભાવતા ન હોવા અંગેનો પણ બચાવ આરોપીએ લીધેલ નથી તેમજ આરોપીએ કોર્ટમાં હાજર રહી કોઈ બચાવ લીધેલ નથી તેમજ વાદગ્રસ્ત ચેક તેઓએ આપેલ ન હોવાનો કોઈ બચાવ અત્રેની કોર્ટમાં

હાજર રહી લીધેલ નથી કે આરોપી અત્રેની કોર્ટમાં હાજર રહી કોઈ મૌખિક પુરાવો રજુ કરેલ નથી કે કોઈ દસ્તાવેજી પુરાવા આધાર હાલના કામે રજુ રાખેલ નથી તેમજ આરોપીએ ખુદે કોર્ટમાં હાજર રહી તેમની સામેના ગુનાનો ઈન્કાર કર્યા બાદ તેમના બચાવમાં આરોપીએ કોઈ પુરાવો રજુ કરેલ નથી. આમ, આરોપીએ અત્રેની કોર્ટમાં હાજર રહી ફરીયાદીના પુરાવાનું ખંડન કરેલ નથી. વધુમાં વાદગ્રસ્ત ચેકવાળુ ખાતુ આરોપીનું ન હોવાનું કે ચેકમાં પોતાની સહી ન હોવા અંગેનો કોઈ બચાવ આરોપી દ્વારા લીધેલ નથી. આરોપી જાતે પોતાનો બચાવ રજુ કરવા જાતે વિટનેસ બોક્ષમાં આવી જુબાની આપેલ નથી કે અન્ય કોઈ સાહેદોને તપાસી તેમનો બચાવ પુરવાર કરેલ નથી. આમ, ફરીયાદી તરફે તેમના જે દસ્તાવેજો રજુ કરેલ છે તેનું ખંડન કરવા કોઈ મૌખિક કે દસ્તાવેજી પુરાવાઓ આરોપી તરફે રજુ કરવામાં આવેલ નથી. વધુમાં સેકશન–૨૦ નેગોશીએબલ ઈન્સ્ટ્રુમેન્ટ એક્ટ મુજબ જ્યારે કોઈ ચેક કોઈ વ્યક્તિ સહી કરીને આપતા હોય તો તે કાયદેસરના લેણા પેટે આપેલ હોય તેવું અનુમાન કોર્ટે કરવાનું રહે છે અને તેનો ખંડનાત્મક પુરાવો રજુ કરવાની જવાબદારી જે તે વ્યક્તિ ચેક આપનાર હોય તેની રહે છે. આરોપીએ સદરહું બાબતનો ખંડનાત્મક પુરાવો નામદાર કોર્ટ સમક્ષ રજુ કરેલ નથી ત્યારે હાલની ફરીયાદમાં પુરાવામાં રજુ રહેલ ચેક આરોપીએ ફરીયાદીને કાયદેસરના લેણા પેટે આપેલ હોવાનું જણાય આવે છે. જેથી આરોપી સામે જે અનુમાન કલમ–૧૩૯ મુજબ ઉપસ્થિત થાય કે સદર ચેક લેણા પેટે આપવામાં આવેલ છે જે ખંડનાત્મક અનુમાન

હોય છે તેનું ખંડન મૌખિક કે દસ્તાવેજી પુરાવાથી કરવામાં આરોપી નિષ્ફળ નીવડેલ છે તેમજ હાલના કેસમાં આરોપી કે આરોપીના વિ.વ.શ્રી તરફે કોઈ રીપોર્ટ  ન હોય ફરીયાદીની **આંક–૪૦ ની** અરજી લગત આરોપીપક્ષની દલીલોનો હકક બંધ કરવાનો હુકમ કરવામાં આવેલ છે.  અને આરોપીએ ફરીયાદીના પુરાવાના ખંડન કરતો કે શંકા ઉપજાવે તેવો કોઈ સચોટ અને વિશ્વસનીય પુરાવો રેકર્ડ ઉપર રજુ કરવામાં નિષ્ફળ ગયેલ છે. ત્યારે ધી નેગોશીયેબલ ઈન્સ્ટ્રુમેન્ટ એક્ટની કલમ–૧૩૯ ના પ્રિઝમશન મુજબ તેમજ નામદાર સુપ્રીમ કોર્ટ ૨૦૧૦ (૧) ડી.સી.આર. ૭૦૬, રંગપ્પા વિરૂધ્ધ શ્રી મોહનના કેસમાં ઠરાવેલ સિધ્ધાંત મુજબ જ્યાં સુધી આરોપી વિરૂધ્ધનો પુરાવો ન આવે, અગર તો ફરીયાદીનો પુરાવો વિશ્વસનીય રીતે રીબર્ટ ન થાય ત્યાં સુધી ચેક કાયદેસરની જવાબદારીના દેવા પેટે આપેલ છે હાલના કામે આરોપીને સમન્સ બજતા પ્લી લેવાયા બાદ પણ આરોપી કોર્ટમાં તેમનો બચાવ કરવા હાજર રહેલ નથી તેમજ તેમના તરફે કોઈ અરજી આપેલ નથી તે જોતા તેમજ કોર્ટનું રજુ થયેલ રેકર્ડ જોતાં ફરીયાદપક્ષે રજુ થયેલ પુરાવાનું ખંડન કરવામાં આરોપી સંપુર્ણપણે નિષ્ફળ જાય છે.

(૧૪) ધી નેગોશીયેબલ ઈન્સ્ટ્રુમેન્ટ એક્ટની કલમ–૨૦ મુજબ જ્યારે ચેક લખનાર, ચેક ધારણ કરનારને ચેક સહી કરીને આપે ત્યારે તે ચેકમાંની વિગતો લખવાની કે પુર્તતા કરવાની ચેક ધારણ કરનારને પ્રથમદર્શનીય રીતે ઓથોરીટી આપેલ છે, તેવું અનુમાન કરવાનું રહે

છે. ચેકમાં આરોપીની સહી નથી કે આ ચેક આરોપીનો નથી તેવી બચાવ તકરાર ન હોઈ તેમજ ફરીયાદીની ઉલટ તપાસ કરી ફરીયાદીના પુરાવાને પડકારેલ ન હોય કે તેથી વિરૂધ્ધની કોઈ હકીકત રેકર્ડ પર લાવેલ ન હોય ત્યારે રજુ અસલ ચેક કે જે એક જાહેર દસ્તાવેજ છે તેને ન માનવાને કોઈ કારણ ઉપસ્થિત થતુ નથી. વધુંમાં આરોપી તરફે નોટીસમાં જણાવેલ સરનામે આરોપીને નોટીસ મળેલ નથી કે ફરીયાદીની નોટીસ બજેલ નથી તેવી બચાવ તકરાર આરોપીએ લીધેલ નથી કે તે સંબંધે કોઈ મૌખિક કે દસ્તાવેજી પુરાવો રજુ કરી તે હકીકત પુરવાર કરેલ નથી, તેમજ ફરીયાદપક્ષ તરફે રજુ ઉપરોક્ત દસ્તાવેજી પુરાવાઓનું ખંડન આરોપી તરફે ફરીયાદીની ઉલટતપાસ દરમ્યાન કે વિરૂધ્ધનો પુરાવો રજુ કરીને કરવામાં આવેલ નથી, કે જેના ઉપરથી એવું પુરવાર થાય કે, આરોપીને નોટીસની બજવણી થયેલ નથી. આ સંજોગોમાં ફરીયાદપક્ષ તરફે રજુ દસ્તાવેજી પુરાવા ન માનવાને કોઈ કારણ ઉપસ્થીત થતુ જણાતુ નથી. આ કામે આરોપી તરફે ફરીયાદપક્ષના રેકર્ડ ઉપરના રજુ મૌખિક તથા દસ્તાવેજી પુરાવાઓનું ખંડન મૌખિક કે દસ્તાવેજી પુરાવા આપીને કરેલ નથી કે કોઈ સાહેદો તપાસેલા નથી. આરોપીએ ધી નેગોશીયેબલ ઈન્સ્ટ્રુમેન્ટ એક્ટની કલમ–૧૧૮(એ) તથા કલમ–૧૩૯ માં ઠરાવેલ પુર્વધારણાઓનું ખંડન કરવા ફરીયાદપક્ષના પુરાવા ઉપર આધાર રાખેલ છે, પરંતુ તે સંબંધે ફરીયાદીની ઉલટ તપાસ ન કરીને પણ તેનું ખંડન કરવામાં નિષ્ફળ રહેલ છે.

**(૧૫)** આમ, આ કામે ફરીયાદ વાળો ચેક આરોપીના બેંક એકાઉન્ટથી સંબંધીત છે તથા તેમાં આરોપીની સહી છે તથા હાલ તે ફરીયાદીના કબજામાં છે તે હકીકત ધ્યાને લેતા, ઉપરોક્ત ધી નેગોશીયેબલ ઈન્સ્ટ્રુમેન્ટ એક્ટની કલમ– ૧૧૮ તથા ધી નેગોશીયેબલ ઈન્સ્ટ્રુમેન્ટ એક્ટની કલમ– ૧૩૯ મુજબનું અનુમાન ફરીયાદીની તરફેણમાં કરવાનું રહે છે અને આરોપીએ તે અનુમાનનું ખંડન (Rebutt) કરવું પડે.

(૧૫.૧) આરોપીએ તેવા અનુમાનનું ખંડન કરી શકેલ છે કે કેમ? તે અંગે જોઈએ તો બચાવપક્ષ તરફે એક એવો બચાવ લેવામાં આવેલ છે કે,ચેકમાંની વિગત ફરીયાદીએ જાતે ભરી દીધેલ છે. આરોપીના આ બચાવ અંગે જોઈએ તો ફરીયાદવાળા ચેકમાંની વિગતો કોણે ભરેલ તે અંગે કોઈ સ્પષ્ટ પુરાવો રેકર્ડ ઉપર આવેલ નથી. આ સંદર્ભેની ધી નેગોશીયેબલ ઈન્સ્ટ્રુમેન્ટ એક્ટની કલમ–૨૦ વંચાણે લેતા ચેક માની સહી ચેક ઈશ્યુ કરનારની હોવી જોઈએ તથા વિગતો ચેકના હોલ્ડર ભરી શકે. જેથી તે બચાવ મહત્વનો રહેતો નથી. જેથી તેનો લાભ બચાવ પક્ષને મળે તેમ નથી.

**(૧૬)** વધુમાં આરોપી તરફે નીચે મુજબના ચુકાદાઓ ઉપર આધાર રાખેલ છે.

(૧) નામ.સુપ્રિમ કોર્ટ ઓફ ઈન્ડીયા

(ક્રિમી.અપીલ નં. ૩૨૫૭/૨૪)
શ્રી દત્તાત્રેય વિ. શરણ અપ્પા

(૨) નામ. સુપ્રિમ કોર્ટ ઓફ ઈન્ડીયા
(ક્રિમી.અપીલ નં.૨૦૪૫/૨૦૦૮)
એમ/એસ. કુમાર એકસપોર્ટસ વિ. એમ/એસ. શર્મા કારપેટ

(૩) નામ.સુપ્રિમ કોર્ટ ઓફ ઈન્ડીયા
(ક્રિમી.અપીલ નં. ૫૧૮/૨૦૦૬)
કિષ્ણા જનાર્દન વિ. દત્તાત્રેય હેગડે

(૪) નામ. હાઈકોર્ટ ઓફ ગુજરાત
(ક્રિમી. અપીલ નં. ૯૮૧/૨૦૦૪)
જોગીન્દર આર. આનંદ વિ. ગનારામ બી. રાઠોડ

(૫) નામ.સુપ્રિમ કોર્ટ ઓફ ઈન્ડીયા
(ક્રિમી.અપીલ નં. ૧૦૧૨/૧૯૯૯)
એમ/એસ. નારાયન મેનન વિ. માની

(૬) નામ.સુપ્રિમ કોર્ટ ઓફ ઈન્ડીયા
(ક્રિમી.અપીલ નં. ૧૪૩૩-૧૪૩૪/૨૦૦૭)
જહોન કે. જોહન વિ. ટોમ વર્ગીસ

ઉપરોકત ચુકાદાઓ માનસહ વંચાણે લીધા. જયારે આરોપીના ચેકનો ફરીયાદીએ દુર ઉપયોગ કરેલ હોય તેવું ખંડનાત્મક રીતે પુરવાર આરોપીપક્ષે કરેલ ન હોય તેવા સંજોગોમાં આ ચુકાદામાઓનો સિધ્ધાંત આરોપીને મદદરૂપ થતો નથી.

**(૧૭)** હાલના કામે નીચે મુજબના ચુકાદાઓ ધ્યાને લેવા જરુરી જણાય છે.

## 1. Presumption as to Consideration — Section 118(a) N.I. Act

**Text of the Law:**

> "Until the contrary is proved, the following presumptions shall be made:(a) that every negotiable instrument was made or drawn for consideration, and that every such instrument, when it has been accepted, indorsed, negotiated or transferred, was accepted, indorsed, negotiated or transferred for consideration."

**Legal Effect:**
Once the execution of a negotiable instrument (such as a cheque) is admitted or proved, the Court shall presume that it was issued for **valuable consideration**. The burden then shifts to the accused to rebut

this presumption by raising a **probable defence**.

**Case Law:**

- **Kumar Exports v. Sharma Carpets, (2009) 2 SCC 513**
  — The Court held that the presumption under Section 118(a) is rebuttable, and the accused can rebut it by showing circumstances that make the existence of consideration improbable or doubtful.

---

## 2. Presumption as to Date — Section 118(b)

**Text of the Law:**

> "That every negotiable instrument bearing a date was made or drawn on such date."

**Legal Effect:**
The Court shall presume that the date mentioned on the negotiable instrument is the **actual date of its execution** unless proved otherwise.

---

## 3. Presumption as to Time of Acceptance — Section 118(c)

**Text of the Law:**

> "That every accepted bill of exchange was accepted within a reasonable time after its date and before it became overdue."

**Legal Effect:**
The Court presumes that acceptance of a bill occurred within a **reasonable time** and before it became overdue.

---

## 4. Presumption as to Time of Transfer — Section 118(d)

**Text of the Law:**

> "That every transfer of a negotiable instrument was made before its maturity."

**Legal Effect:**
It is presumed that when a negotiable instrument is transferred, such

transfer took place **before its due date**, unless the contrary is proved.

---

## 5. Presumption as to Order of Endorsements — Section 118(e)

**Text of the Law:**

> "That the endorsements appearing upon a negotiable instrument were made in the order in which they appear thereon."

**Legal Effect:**
The law presumes that endorsements were made **in chronological order** as they appear on the document.

---

## 6. Presumption as to Stamp — Section 118(f)

**Text of the Law:**

> "That a lost promissory note, bill of exchange, or cheque was duly stamped."

**Legal Effect:**
If the instrument is lost and cannot be produced, the Court presumes that it was properly stamped in accordance with law.

---

## 7. Presumption as to Holder in Due Course — Section 118(g)

**Text of the Law:**

> "That the holder of a negotiable instrument is a holder in due course."

**Legal Effect:**
The Court presumes that the holder obtained the instrument **for value, in good faith, and before maturity**, unless it is proved that the instrument was obtained through fraud, offence, or unlawful consideration.

---

## 8. Presumption on Proof of Protest — Section 119

**Text of the Law:**

> "In a suit upon an instrument which has been dishonoured, the Court shall, on proof of the protest, presume the fact of dishonour, unless and until such fact is disproved."

**Legal Effect:**
In case of **foreign bills of exchange**, once protest is proved, dishonour is presumed.

---

## 9. Presumption in Favour of Holder — Section 139 N.I. Act

**Text of the Law:**

> "It shall be presumed, unless the contrary is proved, that the holder of a cheque received the cheque of the nature referred to in Section 138 for the discharge, in whole or in part, of any debt or other liability."

**Legal Effect:**
Once the issuance and signature of the cheque are admitted, a presumption arises that the cheque was issued **for a legally enforceable debt or liability**. The burden shifts to the accused to rebut this presumption.

---------------------------------------------------------------------------------

In **C.C. Alavi Haji v. Palapetty Muhammed (2007)** Hon'ble Supreme Court of India held that, if the notice is sent by registered post / speed post to the correct address, then even if the drawer refuses, Or avoids, Or does not claim it, Notice is deemed to have been served.

---------------------------------------------------------------------------------

The Supreme Court, in the case of **Sripati Singh vs. The State of Jharkhand & Anr.**, clarified that the dishonour of a cheque issued as security can attract an offence under Section 138 of the Negotiable Instruments (NI) Act, 1881, provided

there is a legally enforceable debt or liability existing at the time of the cheque's presentation. The bench, comprised of Justices M.R. Shah and A.S. Bopanna, observed that a security cheque is not a "worthless piece of paper" in every circumstance.

આરોપીએ તેવા અનુમાનનું ખંડન કરી શકેલ છે કે કેમ? તે અંગે જોઈએ તો બચાવપક્ષ તરફે એક એવો બચાવ લેવામાં આવેલ છે કે, તેમના ચેકનો દુરૂપયોગ કરી તેમની પર ખોટો કેસ કરેલ છે. આ સંદર્ભે જોઇએ તો, આરોપીપક્ષ એવુ સાબિત કરવામાં નિષ્ફળ ગયેલ છે કે, ફરીયાદીએ જો તેઓ દ્વારા આપવામાં આવેલ ચેકનો દુર ઉપયોગ કરેલ હોય તો તે અંગે આરોપીએ હાલના ફરીયાદી સામે કોઈ ફરીયાદ કે કાર્યવાહી કરેલ નથી. જેથી આરોપીનો બચાવ કે, ફરીયાદીએ સીકયુરીટી પેટે ચેક આપેલાનો દુર ઉપયોગ કરેલ છે તે ટકવાપાત્ર જણાય આવતો નથી.

વધુમાં, આરોપીપક્ષે એવો બચાવ લીધેલ છે કે, ચેકની વિગતો ફરીયાદીએ જાતે ભરી દીધેલ છે. આરોપીના આ બચાવ અંગે જોઈએ તો ફરીયાદવાળા ચેકમાંની વિગતો કોણે ભરેલ તે અંગે કોઈ પુરાવો રેકર્ડ ઉપર આવેલ નથી. આ સંદર્ભેની ધી નેગોશીયેબલ ઈન્સ્ટ્રુમેન્ટ એક્ટની કલમ-૨૦ વંચાણે લેતા એક માની સહી ચેક ઈશ્યુ કરનારની હોવી જોઈએ તથા વિગતો ચેકના હોલ્ડર ભરી શકે.

જેથી તે બચાવ મહત્વનો રહેતો નથી. જેથી તેનો લાભ બચાવ પક્ષને મળે તેમ નથી.

(૧૮) વધુમાં, ફરીયાદીનો **આંક-૪** નો મૌખિક પુરાવો તથા ફરીયાદ પક્ષે રજુ થયેલ સમગ્ર દસ્તાવેજી પુરાવાની મુલવણી કરતાં, ફરીયાદીએ આરોપીને આપેલ **તા.૨૧/૮/૨૧** ના રોજની **આંક-૩૦** વાળી નોટીસ બજેલ છે.આમ આરોપીને નોટીસની જાણ થઈ ગયેલ હોવા છતાં આરોપીએ ધી નેગોસીયેબલ ઈન્સ્ટુમેન્ટ એકટની **કલમ-૧૩૮(સી)**ની જોગવાઈ મુજબ પંદર દિવસની સમય-મર્યાદા ની અંદર **આંક-૩૦** ની નોટીસમાં જણાવ્યા મુજબના ફરીયાદીને ફરીયાદ વાળા ચેકના નાણા ચુકવી આપેલ હોય તેવુ જણાઈ આવતુ નથી. વધુમાં, આરોપીએ ફરીયાદીને ધી નેગોસીયેબલ ઈન્સ્ટુમેન્ટ એકટની **કલમ-૧૩૮(બી)** ની જોગવાઈ મુજબની **આંક-૩૦** ની નોટીસમાં જણાવ્યા મુજબ ફરીયાદ વાળા ચેકના નાણા ફરીયાદીને ચુકવી આપેલ હોય તે બાબતનો કોઈ પુરાવો આરોપી તરફે રજુ કરવામાં આવેલ નથી કે તેવો આરોપીનો કેસ પણ નથી. આમ, આરોપી એ ફરીયાદીને ધી નેગોસીયેબલ ઈનસ્ટુમેન્ટ એકટની **કલમ-૧૩૮(બી)** ની જોગવાઈ મુજબની **આંક-૩૦** વાળી નોટીસ મળ્યાની પંદર દિવસની અંદર ફરીયાદીને ધી નેગોસીયેબલ ઈન્સ્ટુમેન્ટ એકટની **ક.૧૩૮(સી)** ની જોગવાઈ મુજબ નોટીસમાં જણાવેલ ફરીયાદ વાળા ચેકના નાણા ચુકવી આપેલ હોય તેવી હકીકત ફલીત થતી નથી.

(૧૯) વધુમાં સ્પે. ક્રિ.એપ્લીકેશન નંબર–૫૯૧/૨૦૦૦ (ફેસલ તારીખ: ૧૫/૦૩/૨૦૦૧), પરેશભાઈ એમ. વાઘાણી વિરૂધ્ધ પંકજ મનસુખભાઈ સેજપાલ, ગુજરાત હાઈકોર્ટના ચુકાદામાં માનનીય ન્યાયમુર્તીશ્રી એસ.કે. કેસોટે સાહેબશ્રી એ જજમેન્ટના પેરા–૭ માં અવલોકન કરેલ છે કે, – In this complaint, three things are to be proved. First is that, the cheque has been drawn in favour of the drawee by the drawer. Second, on presentation of the cheque, it was dishonoured and third, on notice given to him within stipulated period, the amount has not been paid. These there things if are established then offence is proved and accordingly, drawer has to be convicted and sentenced.

સ્પે. ક્રિ.એપ્લીકેશન નંબર–૫૯૧/૨૦૦૦, પરેશભાઈ એમ. વાઘાણી વિરૂધ્ધ પંકજ મનસુખભાઈ સેજપાલ, નામદાર ગુજરાત હાઈકોર્ટના ચુકાદાના પેરા–૭ માં કરવામાં આવેલ અવલોકન મુજબ ફરીયાદપક્ષ આરોપી સામેનો કેસ પુરવાર કરી શકેલ હોવાથી તથા સદરહુ કરેલ પુરાવાની મુલવણી મુજબ ફરીયાદ પક્ષ ધી નેગોસીયેબલ ઈન્સ્ટુમેન્ટ એકટની **કલમ–૧૩૮** ના ગુના સબબ આરોપીને તકસીરવાન ઠરાવવા માટેના તમામ આવશ્યક તત્વો નિ:શકપણે પુરવાર કરી શકેલ છે તથા ઉપરોકત ચર્ચા કર્યા મુજબ આરોપી ના ખાતાનો ફરીયાદ વાળો ચેક ફરીયાદીના કાયદેસરના લેણાની ચુકવણી પેટે તથા આરોપીના કાયદેસર રીતે વસુલ થઈ શકે તેવા દેવાની ચુકવણી પેટે ફરીયાદીને આપેલાની હકીકત ફલીત થતી હોવાથી ફરીયાદ પક્ષ ધી નેગોસીયેબલ ઈન્સ્ટુમેન્ટ એકટની કલમ–૧૩૮ ના ગુના સબબ

આરોપીને તકસીરવાન ઠરાવવા માટેના તમામ આવશ્યક તત્વો નિ:શકપણે પુરવાર કરી શકેલ છે.

(૨૦) ઉપરોકત તમામ વિસ્તૃત ચર્ચા ના અંતે હાલના કામે આરોપી વિરૂઘ્ધ ધી નેગોશીયેબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટ ૧૮૮૧ ની કલમ–૧૩૮ મુજબના ગુનાનાં તત્વો રેકર્ડ ઉપર સાબીત થયેલ છે. તે સંજોગોમાં મુદ્દા નં.૧ નો જવાબ હકારમાં આપવામાં આવે છે અને આ કામના આરોપીને ધી નેગોશીયેબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટ ૧૮૮૧ ની કલમ–૧૩૮ મુજબનાં સજાને પાત્ર ગુના અંગે તકસીરવાન ઠરાવવામાં આવે છે.

(૨૧) આમ, આ કામના આરોપીને ધી નેગોશીયેબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટ ૧૮૮૧ ની કલમ–૧૩૮ મુજબના સજાને પાત્ર ગુના અંગે તકસીરવાન ઠરાવવામાં આવેલ હોઈ, આરોપીને સજા કરતા પહેલાં, સજા અંગે રજુઆત કરવાની તક આપવાનું, અત્રેની અદાલતને ન્યાયી અને ઉચિત જણાતુ હોઈ, ન્યાયના હિતમાં હાલનું કામ સજા અંગે સાંભળવા માટે હાલ પુરતુ મુલત્વી રાખવામાં આવે છે.

હુકમ આજરોજ તારીખ ૨૩,માહે માર્ચ ,સને ૨૦૨૬ ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી, સંભળાવી જાહેર કર્યો.

સ્થળ:–ડીસા
તા.૨૩/ ૩ /૨૦૨૬

(કુ.ઉર્મિલા મનુભાઈ આહિર)
એડી. ચીફ જ્યુડીશીયલ મેજીસ્ટ્રેટ,ડીસા.
કોડ નં. જી.જે.૦૧૪૭૩

:: **<u>સજા અંગે સાંભળ્યા</u>** ::

**(૨૨)** હાલના કામે આજરોજ આરોપી હાજર નથી પરંતુ તેમના વિ.વ.શ્રી હાજર છે.આ કામે આરોપીના વિ.વકીલશ્રી ધ્વારા રજુઆત કરવામાં આવેલ છે કે,આરોપી ગરીબ વર્ગનાં માણસ છે આરોપીની હાલમાં આર્થિક સ્થિતિ બરાબર નથી.વધુમાં આરોપી ઉપર તેમના કુટુંબની સંપૂર્ણ જવાબદારી છે.આમ, આરોપીની ઉંમર અને તેમના ઉપરની જવાબદારી ધ્યાને લઈ, તેમના ઉપર દયા દાખવી તેમને ઓછામાં ઓછી સજા કરવા રજૂઆત કરેલ છે.

જયારે ફરિયાદીના વિ.વકીલશ્રી ધ્વારા રજૂઆત કરવામાં આવેલ છે કે, હાલ સમાજ માં દૂષણ પેસી ગયેલ છે. લોકો પાસેથી નાણાં લઈ, ચેક લખી આપે છે તેમજ ચેકનું મહત્વ જાણતા નથી. વધુમાં ફરિયાદપક્ષ ધ્વારા પોતાનો કેસ યોગ્ય પુરાવાઓથી પુરવાર કરવામાં આવેલ છે. તેમજ હાલનો વ્યવહાર જે અરસામાં થયેલ છે ત્યારથી આજ દિવસ સુધીનો સમયગાળો ધ્યાને લેતાં, આરોપીને કાયદામાં જણાવ્યા મુજબની મહત્તમ સજા તથા દંડ કરવા તથા તેઓને આરોપી પાસેથી મહત્તમ વળતર અપાવવા રજૂઆત કરેલ છે.

(૨૨.૧)હાલના કામે સજા અંગે ઉભયપક્ષની ઉપરોકત રજૂઆતો ધ્યાને લીધી, આ કામે ધી નેગોશીયેબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટ ૧૮૮૧ ની કલમ-૧૩૮ અંગે સજાની જોગવાઈ જોવામાં આવે તો તે મુજબનો ગુનો સાબીત થયે આરોપીને બે વર્ષ સુધીની કેદની શિક્ષાની અથવા ચેકની રકમથી બમણી કિંમતના દંડ સુધીની અથવા તે બંન્ને શિક્ષાની

જોગવાઈ કરવામાં આવેલ છે. વધુમાં, ફોજદારી કાર્યરિતી અધિનિયમની કલમ–૨૯(૧) જોવામાં આવે તો તેમાં ચીફ જ્યુડીશીયલ મેજીસ્ટ્રેટ કરી શકે તે સજાઓનું વર્ણન કરવામાં આવેલ છે અને તે મુજબ ચીફ જ્યુડીશીયલ મેજીસ્ટ્રેટની ન્યાયાલય, મોતની કે આજીવન કેદની કે સાત વર્ષ કરતાં વધુ મુદતની કેદ સિવાયની કાયદા અનુસારની કોઈપણ સજા ફરમાવી શકશે,તેવી જોગવાઈ કરવામાં આવેલ છે.

(૨૨.૨) વધુમાં હાલના કામે આજરોજ કામ આખરી ચુકાદા માટે હોય અને આરોપી હાજર નથી પરંતુ તેમના વકિલશ્રી હાજર છે, ત્યારે આરોપીની ગેરહાજરીમાં આરોપીને તકસીરવાન ઠરાવી શકાય કે કેમ? તેમજ આરોપીની ગરહાજરીમાં સજા સંભળાવી શકાય કે કેમ? તેમજ આરોપી સામે સજાના અમલ માટે વોરંટ કાઢી શકાય કે કેમ? તે અંગે આ તબકકે નામદાર ગુજરાત વડી અદાલતના **Sharad Jethalal Savla V/S State of Gujarat and Others** ના **2017(3) GLR 2353, 2017(3) GLH 146** ના ચુકાદામાં પ્રસ્થાપીત થયેલ સીધ્ધાંત નજર સમક્ષ રાખવો જરૂરી જણાય છે, સદર ચુકાદામાં નામદાર ગુજરાત વડી અદાલતે પેરા–૨૨,૨૫ તથા ૨૭ માં ઠરાવેલ છે કે,

22. ***So far as the first question is concerned as regards the pronouncement of the judgment and order of conviction and sentence in the absence of the applicant accused, I am of the view that no illegality could be said to have been committed by the trial Court***.

25. ***However, the judgment that the learned Magistrate may pronounce in the absence of the accused by itself will not vitiate the judgment. Sub-section (7) of Section 353 of the Cr.P.C. clearly lays down that no judgment delivered by any criminal court shall be deemed to be invalid by reason only of the absence of any party***.

27. ***So far as the second question is concerned, I am of the view that the trial Court committed no error in issuing a non-bailable warrant of arrest having noticed that the accused was not present at the time of pronouncement of the judgment and order of conviction and sentence in view of the provisions of Section 418(2) of the Cr.P.C. Under Subsection (2) of Section 418 of the Cr.P.C., when the accused sentenced to imprisonment is not present in the Court, the Court has to issue a warrant of his arrest and the sentence shall commence on the date of his arrest***. I am of the view that the Magistrate had two options. He could have, before pronouncement of the judgment and order of conviction and sentence, enforced the attendance of the applicant accused in the Court or pronounce the judgment in the absence of the accused and issue warrant of arrest. The learned Magistrate thought fit to adopt the latter part of the procedure i.e. pronounced the judgment, and thereafter, proceeded to issue a warrant under Section 418(2) of the Cr.P.C.

(૨૨.૩)ઉપરોકત નામદાર ગુજરાત વડી અદાલતના ચુકાદામાં પ્રસ્થાપિત થયેલ સીધ્ધાંત નજર સમક્ષ રાખતા ફોજદારી કાર્યરીતિ અધિનિયમ ૧૯૭૩ ની કલમ–૩૫૩(૭) મુજબ જો અદાલત જે તારીખે ચુકાદો આપવા માટે રાખેલ હોય તે તારીખે કોઈ પક્ષકાર

કે તેના વકીલશ્રી ગેરહાજર હોય તો પણ અદાલત ચુકાદો સંભળાવી શકશે અને પક્ષકારો કે તેમના વકીલશ્રીની ગેરહાજરીના કારણે અદાલતે આપેલ ચુકાદો ગેરકાયદેસર ગણાશે નહી. તેમજ જયારે અદાલત ધ્વારા જે તારીખે ચુકાદો આપવાનો હોય તે તારીખે આરોપી ગેરહાજર હોય અને અદાલત ધ્વારા આરોપીને સજા કરવામાં આવે તો, અદાલત આરોપીને પકડવાનું વોરંટ કાઢી શકે છે. હાલના કામે પણ આજરોજ કામ ચુકાદા માટે રાખવામાં આવેલ છે, પરંતુ આરોપી હાજર નથી અને તેમના વિ.વકિલશ્રી હાજર છે.જેથી આરોપી ની ગેરહાજરીમાં ફોજદારી કાર્યરીતિ અધિનિયમ ૧૯૭૩ ની કલમ–૩૫૩(૭)મુજબ ચુકાદો સંભળાવવો,તેમજ આજરોજ હાલના કામે આરોપીને તકસીરવાન ઠરાવી સજા કરવાનું, તેમજ આરોપી ને પકડવાનું વોરંટ કાઢવું પણ હાલના કેસનું રેકર્ડ ધ્યાને રાખતા તથા ઉપરોકત નામદાર ગુજરાત વડી અદાલતના ચુકાદામાં પ્રસ્થાપિત થયેલ સીધ્ધાંત નજર સમક્ષ રાખતા ન્યાયીક જણાય છે.

(૨૨.૪)આમ, ધી નેગોશીયેબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટ ૧૮૮૧ ની કલમ–૧ ૩૮ અંગેના ગુના અંગે સજાની જોગવાઈઓ તથા ધી નેગોશીયેબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટ ૧૮૮૧ ની કલમ–૧૩૮ ના ઉદ્દેશો તથા આ કેસના સંજોગો ધ્યાને લેતા સદરહુ ફરિયાદવાળો ચેક આરોપી ધ્વારા સને–૨૦ ની સાલમાં ઈસ્યુ કરવામાં આવેલ છે. તે ઉપરાંત, કેસ ચાલતા લાગેલ સમય, સદરહુ ચેકની રકમ, પ્રર્વતમાન વ્યાજનો દર, ફરિયાદીને સદરહુ ચેક રીટર્ન થયાથી થયેલ નુકશાન તથા ખર્ચ તથા તેની સાથોસાથ આરોપીનો કોઈ ગુનાહિત ઈતિહાસ હોવાની હકીકત રેકર્ડ ઉપર આવેલ ના હોવાની બાબત,આરોપીની ઉંમર તથા તેમના

ઉપરની જવાબદારી વિગેરે હકીકતો ઘ્યાને લેતાં,તેમજ ફરિયાદીપક્ષે પણ આરોપી પાસેથી તેમને વળતર અપાવવા આ કેસમાં માંગણી કરવામાં આવેલ છે, તે તમામ સંજોગો ઘ્યાને લેતાં, અત્રેની અદાલતનું નમ્રપણે માનવુ છે કે, જો આ કામના આરોપીને એક વર્ષની સાદી કેદની સજા કરવામાં આવે અને આરોપીએ ચેકની કુલ રકમ એટલ કે **રૂા.૨,૦૦,૦૦૦/-(અંકે રૂપિયા બે લાખ પુરા)** વળતર તરીકે ફરિયાદીને ચુકવવામાં આવે તો,ન્યાયનું હિત જળવાય તેમ છે.તે તમામ સંજોગોમાં આ કામે મુદૃા નં.૨ અંગે ન્યાયના હિતમાં નીચે મુજબનો આખરી હુકમ કરવામાં આવે છે.

**<u>:: આખરી હુકમ ::</u>**

(૧) આ કામના આરોપી ભરતભાઈ પનાજી જાટ, રહે. શેરપુરા,તા. ડીસા,જી.મહેસાણા નાઓને ક્રિમિનલ પ્રોસીઝર કોડ કલમ-૨૫૫(૨) અન્વયે ધી નેગોશીયેબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટ ૧૮૮૧ ની કલમ-૧૩૮ મુજબના શિક્ષાપાત્ર ગુનાના કામે તકસીરવાન ઠરાવી ૧ (એક) વર્ષની સાદી કેદની સજા કરવાનો હુકમ કરવામાં આવે છે.

(૨) વધુમાં આરોપીએ આ હુકમની તારીખથી બે માસની મુદતમાં આ કામના ફરિયાદીને ત્રણે ચેકોની મળી કુલ રકમ રૂા.૨,૦૦,૦૦૦/-(અંકે રૂપિયા બે લાખ પુરા) ફોજદારી કાર્યરીતિ અધિનિયમ ૧૯૭૩ ની કલમ-૩૫૭(૩) મુજબ વળતર તરીકે ચુકવી આપવાનો હુકમ કરવામાં આવે છે અને તે રકમ ચુકવવામાં ન આવે તો,આરોપીએ વધુ

૩(ત્રણ)માસની સાદી કેદની સજા ભોગવવાનો હુકમ કરવામાં આવે છે.

(૩) આરોપીએ અગાઉ કોઈ જામીનખત આપેલ હોય તો, તે રદ કરવાનો હુકમ કરવામાં આવે છે.

(૪) આરોપી આજરોજ અત્રેની અદાલતમાં હાજર ના હોય અને તકસીરવાન ઠરાવેલ હોય નામદાર સુપ્રીમ કોર્ટના Rajesh Ponadda Vs. Satya narayan Srirangam, reported in 2019(1) ACJ (SC) 478, ના ચુકાદામાનો સિધ્ધાંત ધ્યાને રાખી આરોપીને આ કેસના ચુકાદાની વિના મુલ્યે નકલ મેળવવાનો હક્ક રદ કરવામાં આવે છે.

(૫) ફોજદારી કાર્યરીતિ અધિનિયમ ૧૯૭૩ ની કલમ–૪૨૮ મુજબ આરોપી જેટલો સમય જયુડી. કસ્ટડીમાં રહેલા હોય તેટલો સમય મજરે આપવો.

(૬) આરોપી આજરોજ નામદાર અદાલતમાં હાજર ના હોય, આરોપી વિરૂધ્ધ સજાના અમલ માટે વોરંટ કાઢવાનો હુકમ કરવામાં આવે છે.

હુકમ આજરોજ તારીખ ૨૩,માહે માર્ચ ,સને ૨૦૨૬ ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી, સંભળાવી જાહેર કર્યો.

સ્થળ:–ડીસા<br>
તા.૨૩/૦૩/૨૦૨૬

(કુ.ઉર્મિલા મનુભાઈ આહિર)<br>
એડી. ચીફ જયુડીશીયલ મેજીસ્ટ્રેટ,ડીસા.<br>
કોડ નં. જી.જે.૦૧૪૭૩